સાબરકાંઠા-અરવલ્લીના ખેડૂતો હરખાયા

સુજલામ કેનાલમાં ૫૦૦ ક્યુસેક પાણી છોડાયું કડાણા ડેમમાં પાણીની ધોધમાર આવક

બાયડ, તા. ૨૮

સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલમાં કડાણા ડેમમાં પાણીની આવક વધતાં છેલ્લા ૨ દિવસથી ૫૦૦ ક્યુસેક પાણી છોડાયું છે. જેના કારણે

સાબરકાંઠા-અરવલ્લીના ૪ તાલુકાના ૬૦૦ થી વધુ ખેડૂતોમાં ખુશાલી છવાઈ છે. કમાન્ડ એરીયામાં જ્યાં ઓછો વરસાદ છે ત્યાં ખેડૂતો જરૂર પડે ખરીફ વાવેતરને બચાવવા સિંચાઈનો લાભ મેળવે છે.

કડાણા ડેમ મારફતે સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલમાં પાણી છોડી ઉત્તર ગુજરાતના ખેડૂતોને બારેમાસ સિંચાઈનો લાભ આપવાનો પ્રયાસ થાય છે. એક રીતે સુજલામ કેનાલ ખેડૂતો માટે જીવાદોરી સમાન બની છે. આ વર્ષે મધ્ય-ઉત્તર ગુજરાતમાં ઓછા વરસાદથી તમામ ડેમમાં પાણીની ઓછી આવક હોવાથી ખેડૂતો ચિંતિત બન્યા હતા. ઓછા વરસાદથી ખરીફ પાક થશે પરંતુ શિયાળુ પાક માટે સિંચાઈનું સંકટ ઉભુ થયુ હતુ. પરંતુ રાજસ્થાનમાં ધોધમાર વરસાદ પછી કડાણાડેમમાં પાણીની ભરપુર આવક નોંધાતા કડાણા ડેમ છલકાયો છે. પાવરહાઉસ પણ જીવંત બન્યા છે. પાણીની વધુ આવક ધ્યાને રાખી ઉત્તર ગુજરાત તરફ જતી સુજલામ કેનાલમાં ૫૦૦ ક્યુસેક પાણી છોડવાના તંત્રએ નિર્ણય લીધો છે. જેથી આગામી રવિવાર સાંજ સુધીમાં અરવલ્લીની બાયડ સરહદે કડાણા ડેમના પાણી આવી પહોંચવાની ધારણા છે. છેલ્લા ૨ મહીનાથી ઓછા વરસાદથી સુજલામ કેનાલ સુકી ભઠ્ઠ હતી પરંતુ હવે કડાણા ડેમમાંથી પાણી છોડાતાં કેનાલ ફરીથી જીવંત બનશે.

આકરૂન્દનું ખાલીખમ તળાવ સુજલામના પાણીથી ભરવા માંગ

ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામના વિશાળ તળાવ પાસેથી સુજલામ કેનાલ પસાર થાય છે. આકરૂન્દનું તળાવ ખાલીખમ છે ત્યારે સુજલામ કેનાલના પાણીથી આકરૂન્દનું તળાવ ભરવામાં આવે તો આગામી ઉનાળા સુધી મુંગા પશુઓને પીવાના પાણીની રાહત થવાની સાથે આ વિસ્તારમાં જળસ્ત્રોત ઉંચા આવી શકે છે. આકરૂન્દ ગ્રામ પંચાયત દ્વારા પણ તળાવ ભરવા મુદ્દે યોગ્ય વિચારણા કરવા જેવી ખરી..!!

ભાદરવાએ ''લાજ'' રાખી

ઉત્તર ગુજરાતમાં હૈયાને ટાઢક આપતો ૭૧ ટકા વરસાદ અરવલ્લીમાં સૌથી ઓછો માત્ર ૬૨ ટકા વરસાદ

બાયડ, તા. ૨૮

આમ તો ભાદરવો તપે એટલો સારો પરંતુ ઓગષ્ટ મહીનામાં ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં આચમન જેટલો વરસાદ વરસતાં ભાદરવામાં સારા વરસાદની આશા હતી. ભાદરવામાં સરેરાશ ૧ થી ૮ ઈંચ વરસાદ ખાબકતાં એક રીતે ભાદરવાએ લાજ રાખ્યા જેવી સ્થિતિ છે. તા. ૨૮ સપ્ટેમ્બરની સ્થિતિએ ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં સરેરાશ ૭૧ ટકા વરસાદ વરસ્યો છે. જ્યારે અરવલ્લી જિલ્લામાં સૌથી ઓછો માત્ર ૬૨ ટકા વરસાદ નોંધાયો છે.

ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાની ૮ લાખથી વધુ ખેડૂતો ખેતીના વ્યવસાય ઉપર નિર્ભર છે. ચોમાસુ નબળુ રહે તો તેની સીધી અસર અર્થતંત્ર અને

બજારમાં જોવા મળે છે. આ વર્ષે તાઉતે વાવાઝોડાના કારણે ચોમાસાની સિસ્ટમ ખોરવાઈ જુલાઈ-ઓગષ્ટમાં ધારણા કરતાં ઓછા વરસાદના કારણે ગત વર્ષની સરખામણીએ ૬૬ ટકા વરસાદની ઘટ નોંધાતા સર્વત્ર ચિંતા હતી.

શ્રાવણ મહીનામાં વરસાદ ભરપુર વરસશે તેવી અપેક્ષા પણ ખોટી સાબિત થતાં ભર ચોમાસે દુકાળના ડાકલાં સંભળાયા. ૨૦ તાલુકામાં ઓછા વરસાદથી દુષ્કાફગ્રસ્ત જાહેર કરવાની માંગ થઈ પરંતુ ભાદરવો શરૂ થતાં જ રાજ્ય અને ઉત્તર ગુજરાતમાં અનરાધાર વરસાદ નોંધાયો જેના કારણે ખાલીખમ જળાશય, તળાવોમાં પાણીની આવક નોંધાતા તંત્રને રાહત થઈ. ભાદરવાના સારા વરસાદથી ઉત્તર ગુજરાતમાં સરેરાશ ૭૧ ટકા વરસાદ નોંધાયો છે. આગામી ૩ દિવસ વરસાદની આગાહી જોતાં સપ્ટેમ્બરના અંતમાં વરસાદની ઘટ મામુલી રહેવાની સંભાવના છે.

ભિલોડામાં ભયાનક અકસ્માત દરમિયાન કારનું શિર્ષાસન, આશાસ્પદ યુવાનનું મોત નિપજ્યું

ઘટના સ્થળ પર લોકોના ટોળે ટોળા એકત્રિત

ભિલોડા,તા.૨૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે લાટી બજાર સામે ઈડર-શામળાજી

મેઈન ધોરીમાર્ગ પર મારૂતી સુઝુકી બ્રેઝા કાર ચાલકે સ્ટેરીંગ પર થી એકા-એક કાબુ ગુમાવતા આંખના પલકારામાં કાર પલટી ખાતા ભયાનક અકસ્માત સર્જાયો હતો.આશાસ્પદ યુવાનનું કરૂણ મોત નિપજ્યું હતું.

બંને મિત્રો શામળાજી થી ભિલોડા તરફ ઘરે આવતા હતા.પ્રિન્સ જશવંતભાઈ ભગોરા તેઓની મારૂતિ સુઝુકી બ્રેઝા કાર નંબર. જી.જે.૩૧.એ.૮૩૮૦ પુરપાટ ઝડપે ગફલતભરી રીતે હંકારતા ભિલોડામાં લાટી બજાર ત્રણ રસ્તા પાસે ડીવાઈડર સાથે કાર ધડાકાભેર ટકરાતા કાર ચાલકનો ચમત્કારિક રીતે બચાવ થયેલ છે.આશાસ્પદ યુવાન ચિઠોડા પી.એચ.સી સેન્ટરમાં ફરજ બજાવતા આશુતોષ મહેન્દ્રભાઈ નિનામા (આશરે ઉંમર વર્ષ-૨૨) રહેવાસી. તિરૂપતિ સોસાયટી, ભિલોડા નું અકસ્માત દરમ્યાન મોત નિપજ્યું હતું.ઘટના સ્થળ પર લોકોના ટોળા ભેગા થઈ ગયા હતા.કાર પુરપાટ ઝડપે ડિવાઈડર સાથે અથડાતા કારમાં બેઠેલા યુવકનું ઘટના સ્થળે મોત નિપજ્યું પરિવારજનો હૈયાં ફાટ રૂદન કરતા હતા.યુવાનનો મૃતદેહ કોટેજ હોસ્પિટલમાં પી.એમ અર્થે ખસેડાયો હતો.અકસ્માતના બનાવ સંદર્ભે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની પેટા ચૂંટણીમાં જીત મેળવવા ભાજપા સજ્જ

જિલ્લા પંચાયત-તાલુકા પંચાયત-નગરપાલિકા પેટા ચૂંટણીમાં ભાજપા-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ

બાયડ, તા. ૨૮

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ખાલી પડેલી જિલ્લા પંચાયત-તાલુકા પંચાયત અને નગરપાલિકાની પેટા ચૂંટણી માટે તા. ૩ ઓક્ટોબરના રોજ ચૂંટણી યોજાવાની છે ત્યારે પેટા ચૂંટણીમાં જીત મેળવવા ભાજપા સજ્જ બનવાની સાથે અરવલ્લી જિલ્લામાં પેટા ચૂંટણી માટે બેઠક ઈન્ચાર્જ સહીત કાર્યકરોને પ્રચાર કાર્યમાં જોડવામાં આવ્યા છે.

એક જિલ્લા પંચાયત, ૭ તાલુકા પંચાયત અને ૧ નગરપાલિકાની પેટા ચૂંટણી જીતવા ભાજપા-કોંગ્રેસ સજ્જ બન્યા છે. પેટા ચૂંટણીમાં જોઈએ તેટલો રાજકીય ગરમાવો જોવા મળતો નથી પરંતુ ભાજપા-કોંગ્રેસ કોઈ પણ ભોગે પેટા ચૂંટણીમાં ફતેહ મેળવવા મરણીયા બન્યા છે. બાયડ મેઘરજ-ભિલોડા તાલુકાની પેટા ચૂંટણી ઉપર સૌની નજર છે. અરવલ્લી જિલ્લા ભાજપા સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ, મહામંત્રી ભીખાજી ઠાકોર, હસમુખભાઈ પટેલ વગેરેએ પેટા ચૂંટણી જંગ જીતવા ખાસ રણનીતિ તૈયાર કરી છે. જ્યારે સાબરકાંઠા જિલ્લામાં ભાજપાને મંત્રીપદ મળ્યા પછી પેટા ચૂંટણી જંગમાં ભાજપાને કેટલો ફાયદો થશે તેનુ ગણિત મુકવામાં આવ્યુ છે.

મેઘરજ રામદેવ આશ્રમ દ્વારા બનારસના રસ્તો ભૂલેલા સગીરને વતનમાં પરત મોકલાયો

સગીર બનારસથી સુરત મજુરી કામે નીકળી ગયો હતો

મેઘરજ તા.૨૮

મેઘરજ નજીક આવેલા રામદેવ આશ્રમ દ્વારા બનારસના એક સગીરને હેમખેમ પરત તેના વતનમાં મોકલવામાં આવ્યો હતો.

બનારસ ઉત્તરપ્રદેશ ના સિકરૌરા ગામનો ૧૭ વર્ષીય સગીર મનીષ રમેશરામ આત્મજ પાંચ દીવસ પહેલા બનારસ થી સુરત તરફ મજુરી કામ અર્થે આવ્યો હતો.સગીરે ચાર દીવસ સુધી સુરત આમ તેમ મજૂરી કામકાજ કર્યુ હતુ.ત્યારબાદ તે તેના વતન બનારસ પરત જવાનુ મન બનાવી લીધુ હતુ અને સગીર પાસે રૂપિયા ના હોવાથી રેલ્વેની ટીકીટ મળે તેમ નહતી તેવામાં એક ટ્રક ચાલકે સગીરને ટ્રક માં બેસાડી મોડાસા લઈ આવ્યો હતો.

તેવામાં મોડાસા પોલીસના નજરે આવેલા અજાણ્યા યુવકની પુછપરછ કરી સમગ્ર બનાવની જાણ જિલ્લા પોલીસવડાને કરાઈ હતી. પોલીસવડાએ સગીરના વતનની ભાળ મેળવી તેના બનારસમાં આવેલા પરિવારનો સંપર્ક કરી જાણ કરી હતી ત્યારબાદ સગીરને રાત્રે રામદેવ આશ્રમ વૈયા ખાતે મુક્યો હતો.આશ્રમના સંચાલક દીપકભાઈ અને ભાજપ અગ્રણી કનુભાઈ પરમાર દ્વારા રાખવામાં આવ્યો હતો અને મંગળવારે રાત્રે અમદાવાદ થી બનારસ ની ટ્રેનનુ રીજરવેશન કરાવી સગીરને તેના વતનમાં મોકલવાની તજવીજ હાથ ધરાઈ હતી.

ભવાનગઢ વિસ્તારમાં દિપડો દેખાયાનો વિડીયો વાયરલ

બાયડ, તા. ૨૮

વડાલી તાલુકાના ભવાનગઢ વિસ્તારમાં દિપડો દેખાયાનો વિડીયો વાયરલ થતાં વડાલી રેન્જ

વન વિભાગ સજ્જ બન્યો છે. ઈડરીયોગઢ ભવાનગઢ સહીતના વિસ્તારમાં છેલ્લા દોઢ વર્ષથી દિપડો જોવા મળે છે. ગત વર્ષે ડુંગર ઉપરથી પટકાઈ જતાં દિપડાનું મોત નિપજ્યું હતું.

જિલ્લાના વિજયનગર-વડાલી-ઈડર વિસ્તારમાં દિપડાની હાજરી જોવા મળી છે. ખોરાક-પાણીની શોધમાં દિપડા માનવ વસાહત સુધી પહોંચ્યા છે. તેમાં છેલ્લા ૬ મહીનાથી ઈડરીયા ગઢ વિસ્તારમાં દિપડાના આંટાફેરા વધવાની સાથે દિપડાની સંખ્યામાં વધારો થયાનું માનવામાં આવે છે. તાજેતરમાં કારચાલકે રાત્રે ભવાનગઢ નજીક દીપડાને જોતાં ગભરાયા વગર વિડીયો રેકોર્ડીંગ કરી લીધુ હતુ.

વાહનના અજવાળાથી દીપડો-બચ્ચા સાથે રવાના થઈ ગયો પરંતુ દીપડાની હાજરીનો વિડીયો વાયરલ થયા પછી ઈડર-વિજયનગરના વન અધિકારીઓએ તપાસ કરતાં વડાલી રેન્જમાં દીપડી તેના બચ્ચા સાથે ફરતી હોવાનું જાણવા મળ્યુ છે. સમગ્ર જંગલ વિસ્તાર દિપડાના વસવાટ માટે રક્ષીત વિસ્તાર છે તેવું વન વિભાગ દ્વારા જણાવાયુ છે.

બિનઅધિકૃત ખેરની તસ્કારી મામલે મેઘરજ નોર્મલ વન વિભાગ રાજસ્થાન વન વિભાગ પર દોષનો ટોપલો મૂકે તેમાં નવાઈ નહી

મેઘરજ તા.૨૮

અરવલ્લી જિલ્લા મેઘરજ વનવિભાગ નાક નીચેથી કેટલાય સમય થી બિનઅધિકૃત ખેરના લાકડા ની તસ્કારી ચાલી રહી છે ત્યારે સમગ્ર મામલો પ્રકાશિત થતાં અરવલ્લી જિલ્લા ડી.એફ.ઓ દ્વારા તપાસના આદેશ બાદ મેઘરજ નોર્મલ વનવિભાગ દોડતું થયું. બિનઅધિકૃત ખેરના લાકડાંની તસ્કારી કરતા ઈસમના ઘરેથી લાકડા કબજે કરી ગુનો નોંધવામાં આવ્યો હતો. ત્યારે આરોપી ભાગી છૂટતા અનેક સવાલો ઉઠ્યા હતા. આરોપી મેઘરજ વિસ્તારમાં લાકડા નો જથ્થો

સંગ્રહ કરી ગોધરા પહોંચાડતો વનવિભાગ હાથ તાલી આપી હતો. ત્યારે મેઘરજ વનવિભાગ પોતાના વિસ્તાર માંથી થતી ખેર તસ્કારીમાં પોતાનો બચાવ કરવા રાજસ્થાન વનવિભાગ પર દોષનો ટોપલો મૂકે તેમાં નવાઈ નહી. લાંબા સમય થી બિનઅધિકૃત તસ્કારી મામલે મેઘરજ વનવિભાગ અજાણી નીતિ ને લઈ કુલડીમાં ગોર ભાગી ગોર વેચાયો ની પણ ચર્ચાઓ સંભળાઈ હતી. અરવલ્લી ડી.એફ.ઓ દ્વારા યોગ્ય તપાસ કરવામાં આવે તો મેઘરજ નોર્મલ વનવિભાગના કર્મચારીઓ નામ સામે આવે તેમાં નવાઈ નહી.

બિનઅધિકૃત ખેર તસ્કારી તેમજ મેઘરજ નોર્મલ વન વિભાગની અજાણી નીતિને લઇ વનમંત્રી તેમજ ઉચ્ચ અધિકારીઓને જાણ કરાઈ

મેઘરજ નોર્મલ વનવિભાગમાં કેટલાક કર્મીઓની ઉચ્ચ કક્ષાએ થી તપાસ કરવામાં આવે તો મસ મોટું કૌભાંડ બહાર આવે તો નવાઇ નહીંઅરવલ્લી વનવિભાગના એક અધિકારી સહદેવની ભુમીકા અદાકરી કર્મચારીઓ ને બચાવવા અને પર્યાવરણ નુકસાન કરવા એડીયોટીનું જોર લગાવી રહ્યા હોવાનું ચર્ચાઓ થઈ રહી છે

૩૦ સપ્ટેમ્બરથી ૨ ઓકટોબર સાબરકાંઠા જિલ્લામાં ભાજપ દ્વારા જન આર્શીવાદ યાત્રા યોજાશે

રાજ્ય સરકારના મંત્રી કીર્તીસિંહ વાઘેલા-ગજેન્દ્રસિંહ પરમાર હાજર રહેશે

બાયડ તા.૨૮

ભારતીય જનતા પાર્ટી દ્વારા નવનિયુક્ત પ્રધાનમંડળના મંત્રીશ્રીઓની જન આર્શીવાદ યાત્રા નો કાર્યક્રમ અંગે સાબરકાંઠા જીલ્લામાં ૩૦મી સપ્ટેમ્બરના રોજ રાજ્ય સરકારના મંત્રીશ્રી કિર્તીસિંહ વાઘેલા, પ્રાંતિજ તાલુકાના ઘડકણ તાલુકા પંચાયતના સીટના સુખડ ગામે સ્વાગત અને સભા યોજાશે સવારે ૧૧ કલાકે પ્રાંતિજ ખાતે ૧૨-૩૦ કલાકે હિંમતનગર મોતીપુરા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલી સ્વાગત નો કાર્યક્રમ હિંમતનગર તાલુકાના પોલાજપુર ગામે બપોરે એક વાગે સ્વાગત અને સભા યોજાશે જયારે બપોરે ૪:૩૦ કલાકે ઈડર તાલુકાના આરસોડીયા ગામે જાહેર કાર્યક્રમ રાખેલ છે તેમજ સાંજે ૬:૦૦ કલાકે જાદર મુકામે જાહેર કાર્યક્રમ રાખેલ છે. જયારે રજી ઓકટોમ્બરે રાજયના મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર પ્રાંતિજ તાલુકાના મજરા ચોકડીથી યાત્રાનો પ્રારંભ થશે.

જેમાં સવારે ૧૧:૩૦ કલાકે તાજપુર કુઈ સભા થશે, ભાંખરીયા સ્વાગત ૧૧:૩૦ કલાકે સલાલમાં સભા યોજાશે, તખતગઢ ગામે સ્વાગત થશે.બપોરે ૨ વાગે રણાસણ સ્વાગત ૨:૩૦ કલાકે મોઢુકા સ્વાગત ૩:૦૦ કલાકે પુંસરી સ્વાગત, રોઝડમાં ૩:૩૦ કલાકે સભા થશે, તાજપુરમાં ૫:૦૦ કલાકે સ્વાગત થશે, ભાંખરીયા સ્વાગત ૧૧:૩૦ કલાકે સલાલમાં સભા યોજાશે, તખતગઢ ગામે સ્વાગત થશે.બપોરે ૨ વાગે રણાસણ સ્વાગત ૨:૩૦ કલાકે મોઢુકા સ્વાગત ૩:૦૦ કલાકે પુંસરી સ્વાગત, રોઝડમાં ૩:૩૦ કલાકે સભા થશે, તાજપુરમાં ૫:૦૦ કલાકે સ્વાગત

બાયડમાં વૃદ્ધના વાહનની ડેકીમાંથી બે લાખની તસ્કરી

બુટલેગરોને સાચવતી પોલીસના રાજમાં ગઠીયા-તસ્કરો બેફામ : વૃદ્ધ પોલીસ સ્ટેશનમાં રડમશ બન્યા, મારા ઘરે કોઈને જણાવશે નહી

બાયડ, તા. ૨૮

બાયડમાં વૃદ્ધના વાહનની ડેકીનું લોક તોડી રૂ. ૨ લાખની તસ્કરી થતાં બાયડ પોલીસની નિષ્ફળતા સામે રોષ વધ્યો છે. બુટલેગરોને સાચવતી પોલીસના રાજમાં ગઠીયા-તસ્કરો બેફામ બન્યા છે.

મળેલી જાણકારી અનુસાર ચોઈલા ગામના નિવૃત્ત શિક્ષક નવનીતભાઈ ગોર મંગળવારે બાયડની બેન્કમાં તેમના ખાતામાંથી રૂ. ૨ લાખ ઉપાડી પૈસા એક્ટીવાની ડેકીમાં મુકી જૂના બસસ્ટેશન વિસ્તારમાં કામ હોવાથી ત્યાં પહોંચ્યા હતા. કામ પુરી કરી પાછા આવ્યા ત્યારે એક્ટીવાનું લોક તુટેલુ જોતાં ચોકી ઉઠ્યા અને જોતા રૂ. ૨ લાખ ભરેલી થેલી ગાયબ હોવાથી રડમશ બની ગયા હતા. આસપાસના લોકોને ખબર પડતાં તે પણ આવ્યા છેવટે બાયડ પોલીસને જાણ કરી પરંતુ મંદગતિની તપાસ માટે પંકાયેલ બાયડ પોલીસ તપાસનો આરંભ કરે ત્યાં સુધી તસ્કર ગેંગ ફરાર થઈ ગઈ હતી. બાયડ પોલીસ સ્ટેશનની હદમાં દારૂના અડ્ડા ધમધમતા થયા ત્યારથી ગુનાખોરી વકર્યાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે. ટાઉન જમાદારોની નબળી કામગીરી અને બુટલેગરો સાથેની બાઈબંધીની ફરીથી લોકચર્ચા જામી છે. જ્યારે રૂ. ૨ લાખની તસ્કરી કરનાર સી.સી. ટી.વી. કેમેરામાં કેદ થયાનુ સમી સાંજે સાંભળવા મળ્યુ છે.

ડીસામાં ધોળા દિવસે બંધ મકાનમાં તસ્કરોનો હાથફેરો

રોકડ સહિત ફિક્સ ડિપોઝીટના કાગળોની પણ ચોરી

ડીસા પંથકમાં કોરોના મહામારી બાદ ગુનાખોરીની ઘટનાઓમાં સતત વધારો થયો છે તેમા પણ ઘર ફોડ ચોરીના બનાવો વધ્યા છે. રીઢા તસ્કરો હવે ધોળાં દિવસે પણ દાવ અજમાવી રહ્યા છે ત્યારે ડીસામાં બપોરના સુમારે એક મકાનને નિશાન બનાવી ત્રાટકેલા તસ્કરો રોકડ સહિત જરૂરી ડોક્યુમેન્ટની પણ ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

આ ફરિયાદની વિગત જોતા ડીસાની લચ્છાજીની ચાલીમાં રહેતા ૭૦ વર્ષીય જેસિંગભાઈ મણિલાલ મોચી દરજી કામનો વ્યવસાય કરે છે ગતરોજ સોમવારે તેઓ સવારે દરજી કામની દુકાને ગયા હતા અને તેમના પત્ની ઘરે હતા પરંતુ તેમની પત્નીને પગમાં દુખાવો થતો હોઈ તેમના મકાનને તાળું લગાવી નજીકમાં આવેલ એ એક્સ કોમ્પ્લેક્સમાં મેડિકલ ઉપર દવા લેવા માટે ગયા હતા અને પરત ફરતા મકાનનું તાળું તૂટેલું હોઈ આ બાબતે તેમના પતિને ફોન કરી ઘરે બોલાવેલા.તેથી તેઓ દોડી આવેલા અને ઘરમાં તપાસ કરતા તિજોરી ખુલી પડી હતી અને બધો સામાન વેરવિખેર હાલતમાં હતો અને તિજોરીમાં પડેલી બે સૂટકેશ દેખાઈ ન હતી .

આ સૂટકેશ માં તેમના અને તેમની દીકરીના અભ્યાસના જરૂરી કાગળો, દસ હજારની રોકડ અને બેંક ઓફ બરોડા તેમજ યુનિયન બેંકની ફિક્સ ડિપોઝીટ ના તમામ કાગળો પણ આ સૂટકેશમાં હોઈ તેની કોઈ અજાણ્યા ઈસમો ચોરી કરી ગયા હતા.આ બાબતે જેસિંગભાઈએ ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસ તપાસ હાથ ધરી છે.